# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારત મંડપમ ખાતે 'વીર બાલ દિવસ'ના રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભાગ લેશે - સભાને સંબોધિત કરશે.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં આતંકવાદ વિરોધી પરિષદનું ઉદ્ઘાટન કરશે.

4) રેલવેએ આજથી મુસાફરોના ભાડા માળખામાં આંશિક વધારો કર્યો.

5) મહિલા ક્રિકેટમાં ભારત અને શ્રીલંકા વચ્ચે આજે ત્રીજી ટ્વેન્ટી20 મેચ રમાશે.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં વીર બાલ દિવસ નિમિત્તે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર' એનાયત કરશે.

આ વર્ષે, 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 20 બાળકોને આ સન્માન માટે પસંદ કરવામાં આવ્યા છે, જેમણે બહાદુરી, રમતગમત અને સામાજિક સેવા સહિત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી છે.

નવી દિલ્હીમાં આયોજિત આ કાર્યક્રમમાં દેશના સમૃદ્ધ સભ્યતા વારસા અને બહાદુરીની ભાવના દર્શાવતા સાંસ્કૃતિક પ્રદર્શન પણ જોવા મળશે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે.

# VEER BAL DIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે 'વીર બાલ દિવસ' નિમિત્તે રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે સભાને સંબોધિત કરશે.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કારના વિજેતાઓ પણ હાજર રહેશે. શ્રી ગુરુ ગોવિંદ સિંહજીના નાના પુત્રો - બાબા જોરાવર સિંહજી અને બાબા ફતેહ સિંહજી - સાહિબઝાદોની બહાદુરી અને બલિદાનને માન આપવા માટે 'વીર બાલ દિવસ' ઉજવવામાં આવે છે. નાની ઉંમરે તેમની શહાદત ભારતના ઇતિહાસના સૌથી કરુણ પ્રકરણોમાંનો એક છે, જે જુલમનો સામનો કરવા માટે અતૂટ હિંમતનું પ્રતીક છે.

વાર્ષિક ઉજવણીની જાહેરાત શ્રી મોદીએ સૌપ્રથમ જાન્યુઆરી 2022માં ગુરુ ગોવિંદ સિંહજીના પ્રકાશ પર્વ દરમિયાન કરી હતી.

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની ૧૦૧મી જન્મજયંતિ નિમિત્તે લખનૌમાં એક જાહેર રેલીને ગઇકાલે સંબોધિત કરી હતી. શ્રી મોદીએ લખનૌમાં રાષ્ટ્ર પ્રેરણા સ્થળનું પણ ઉદ્ઘાટન કર્યું હતું જે સ્વતંત્ર ભારતના દિગ્ગજોના વારસાને માન આપવા માટે બનાવવામાં આવ્યું છે.

પોતાના જાહેર સંબોધનમાં પ્રધાનમંત્રીએ સુશાશન અંગે કહ્યું કે...

## BYTE: PM MODI SATURATION

ઉત્તર પ્રદેશની બદલાયેલી છબી પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે હવે રાજ્ય વિકાસનો પર્યાય બની ગયું છે. આ પ્રસંગે સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્ય મંત્રીમંડળના અન્ય વરિષ્ઠ મંત્રીઓ હાજર રહ્યા હતા.

સંરક્ષણ મંત્રી અને સાંસદ રાજનાથ સિંહે કહ્યું કે અટલજીએ સંસ્કૃતિ, સમાજ અને રાજકારણમાં ઘણું યોગદાન આપ્યું છે.

# SHAH-ANTI-TERROR-CONFERENCE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં આતંકવાદ વિરોધી પરિષદનું ઉદ્ઘાટન કરશે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે આ બે દિવસીય પરિષદ, આતંકવાદ વિરોધી કામગીરીમાં રોકાયેલા લશ્કરી દળો, ટેકનિકલ, કાનૂની અને ફોરેન્સિક નિષ્ણાતો માટે રાષ્ટ્રીય સુરક્ષાને અસર કરતા મુદ્દાઓ અને આતંકવાદ દ્વારા ઉભા થતા જોખમો પર ચર્ચા કરવા માટે એક મંચ પૂરું પાડશે.

મંત્રાલયે જણાવ્યું છે કે પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય આતંકવાદના ખતરા સામે સંકલિત કાર્યવાહી માટે વિવિધ હિસ્સેદારો વચ્ચે સંકલન સ્થાપિત કરવાનો છે.

મંત્રાલયે જણાવ્યું છે કે પરિષદમાં વિદેશી અધિકારક્ષેત્રોમાંથી પુરાવા એકત્રિત કરવા, ડિજિટલ ફોરેન્સિક્સ અને આતંકવાદ વિરોધી તપાસમાં ડેટા વિશ્લેષણ, રાષ્ટ્રીય સુરક્ષા માટે ઉભરતા હાઇબ્રિડ જોખમો, અંગે સત્રો યોજાશે

# INDIA ARMY

ભારતીય સેનાએ સોશિયલ મીડિયા એપ્લિકેશનના ઉપયોગ અંગે એક આંતરિક પત્ર જારી કર્યો છે, જેમાં ઓપરેશનલ સુરક્ષા અને ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર કોઈપણ પ્રકારની વાંધાજનક કે અન્ય પ્રકારે પ્રચાર અને પ્રસાર નહીં કરવા અંગે ભાર મૂકવામાં આવ્યો છે.

ભારતીય સેનાના સૂત્રોએ જણાવ્યું કે સેનાના કર્મચારીઓને ફક્ત જોવા અને દેખરેખ રાખવાના હેતુ માટે જ INSTAGRAM એક્સેસ કરવાની મંજૂરી આપવામાં

આવી છે. તેમણે સ્પષ્ટતા કરી કે પ્લેટફોર્મ પર કોઈ ટિપ્પણીઓ અથવા મંતવ્યો વ્યક્ત કરવા નહીં.

તેમણે ઉમેર્યું હતું કે સ્કાયપે, વોટ્સએપ, ટેલિગ્રામ અને સિગ્નલ જેવી એપ્લિકેશનો માટે, સામાન્ય પ્રકૃતિની અવર્ગીકૃત માહિતીનું વિનિમય કરવાની મંજૂરી આપવામાં આવી છે. YOUTUBE, X, QUORA અને INSTAGRAM જેવા પ્લેટફોર્મના કિસ્સામાં, માહિતી અથવા જ્ઞાન મેળવવા માટે ફક્ત નિષ્ક્રિય ભાગીદારીને મંજૂરી આપવામાં આવી છે.

આ પ્લેટફોર્મ પર કોઈપણ વપરાશકર્તા દ્વારા જનરેટ કરેલી સામગ્રી, સંદેશાઓ અથવા પોસ્ટ્સ અપલોડ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વધુમાં, સૂત્રોએ જણાવ્યું હતું કે LINKEDIN નો ઉપયોગ ફક્ત રિઝ્યુમ અપલોડ કરવા અને સંભવિત નોકરીદાતાઓ અથવા કર્મચારીઓ સંબંધિત માહિતી મેળવવા માટે થઈ શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# ODISHA MAOISTS

ઓડિશામાં સંયુક્ત સુરક્ષા કાર્યવાહી દરમિયાન એક એન્કાઉન્ટરમાં માઓવાદી નેતા ગણેશ ઉઇકેનું મોત થયું હતું. તે વિવિધ રાજ્યોમાં અનેક મોટા માઓવાદી હુમલાઓ સાથે સંકળાયેલો હતો. સરકારે ગણેશ ઉઈકેના માથા પર એક કરોડ 10 લાખ રૂપિયાનું ઈનામ પણ જારી કર્યું હતું.

ઓડિશા પોલીસના જણાવ્યા અનુસાર, આ એન્કાઉન્ટર કંધમાલ જિલ્લાના ચાકાપડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અને કંધમાલ-ગંજમ સરહદ પર આવેલા રંભા ફોરેસ્ટ રેન્જમાં થયું હતું.

V/C: ODISHA MAOISTS

# RAILWAY

રેલવેએ આજથી તેના મુસાફરોના ભાડા માળખામાં સુધારો કર્યો છે. આ સુધારો આજે અને હવે પછીથી બૂક કરાયેલી તમામ ટિકિટ પર લાગુ થશે.

સુધારેલા ભાડા માળખા હેઠળ, ઉપનગરીય અને બિન-ઉપનગરીય રૂટ સહિત, ઉપનગરીય સેવાઓ અને સીઝન ટિકિટ માટેના ભાડામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી

સામાન્ય નોન-એસી ઉપનગરીય સેવાઓ સિવાયની સેકન્ડ ક્લાસ ઓર્ડિનરી, સ્લીપર ક્લાસ ઓર્ડિનરી અને ફર્સ્ટ ક્લાસ ઓર્ડિનરીમાં ભાડાને ક્રમબદ્ધ રીતે વધારો કરવામાં આવ્યો છે.

સામાન્ય બીજા વર્ગમાં, ટૂંકા અંતર અને દૈનિક મુસાફરોને અસર ન થાય તે સુનિશ્ચિત કરવા માટે 215 કિલોમીટર સુધીની મુસાફરી માટે ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

રેલ્વે મંત્રાલયે જણાવ્યું કે રિઝર્વેશન ફી, સુપરફાસ્ટ સરચાર્જ અથવા અન્ય આનુષંગિક ચાર્જમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, જે હાલના નિયમો અનુસાર વસૂલવામાં આવશે

તેજસ રાજધાની, રાજધાની, શતાબ્દી, દુરંતો, વંદે ભારત, હમસફર, અમૃત ભારત, તેજસ સહિતની મુખ્ય ટ્રેન સેવાઓના મૂળભૂત ભાડા વધારાને અનુરૂપ સુધારો કરવામાં આવ્યો છે.. GST લાગુ પડવાની ક્ષમતા યથાવત રહેશે, અને ભાડા પ્રવર્તમાન ધોરણો અનુસાર રાઉન્ડ ઓફ કરવામાં આવશે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગએ આજે દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, છત્તીસગઢ, ઝારખંડ અને પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાં ઠંડીની આગાહી કરી છે.

ઉત્તર પ્રદેશ, બિહાર, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઉત્તરાખંડના સ્થળોએ આજે ઠંડીનો ચમકારો અનુભવાશે. હવામાન વિભાગ અનુસાર, દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, અરુણાચલ પ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ઓડિશા, સિક્કિમ, પશ્ચિમ બંગાળ અને ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં દિવસ દરમિયાન ગાઢથી અતિ ગાઢ ધુમ્મસ છવાયું રહેશે.

આ દરમિયાન, દિલ્હી-NCRમાં હવાની ગુણવત્તા નબળી શ્રેણીમાં રહે છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, આજે સવારે 6 વાગ્યા સુધીમાં રાષ્ટ્રીય રાજધાનીનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક (AQI) 292 નોંધવામાં આવ્યો હતો.

# WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકા વચ્ચે આજે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ત્રીજી ટી20 આંતરરાષ્ટ્રીય મેચ રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. યજમાન ટીમે પાંચ મેચની શ્રેણીમાં 2-0થી લીડ મેળવી લીધી છે.

ભારતે રવિવારે પહેલી મેચમાં શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું હતું અને મંગળવારે વિશાખાપટ્ટનમમાં બીજી મેચ સાત વિકેટથી જીતી હતી.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોમાં અલગ અલગ સમાચારો મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- સંદેશનું મુખ્ય શીર્ષક છે – એક પરિવારે દેશને બંધક બનાવ્યો હતો, ભાજપે તેને મુકત કરાવ્યો :PM મોદી
- નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે – બંગલાદેશમા વધુ એક હિન્દુ યુવકને ટોળાએ રહેંસ્યો
- ફૂલછાબ લખે છે – સૈનિકો માટે સોશિયલ મીડિયા નિયંત્રણ
- ગુજરાત સમાચારે ચેટજીપીટીની કંપની ઓપન એઆઈના સીઇઓ સેમ ઓલ્ટમેનના નિવેદન - AI થી નોકરીઓ જશે પણ પગાર આકાશને આંબશે ને મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- આ ઉપરાંત નવા વર્ષમાં CNG કારધારકોને મળશે રાહત,પીએમ કૌશલ્ય વિકાસ યોજનામાં વ્યાપક કૌભાંડ:કેગના રિપોર્ટમાં ધટસ્ફોટ અને ઈંડિગોની ફરી 67 ફ્લાઇટ્સ રદ્દ સહિતના સમાચાર વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.